# કરાઈ એકેડમી ખાતે ૩૦ તાલિમાર્થી કોરોનાથી સંક્રમિત

## બાવન તાલિમાર્થીઓના રેપીડ ટેસ્ટ કરવામાં આવ્યા હતા

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લામાં કોરોનાનો કહેર દિન પ્રતિદિન વધતો જાય છે. ત્યારે નાગરીકોએ વધુ સજાગ અને સર્તક બનવાની જરુર છે. આમ નાગરીકોમાં કોરોનાનું સંક્રમણ વધ્યું છે, એટલુ જ નહી નેતાઓ અને સરકારી અધિકારી-કર્મચારીઓ પણ કોરોનાથી સંક્રમિત થઈ રહ્યા છે. ત્યારે કોરોના વોરીયર્સની ભુમિકામાં સતત કાર્યરત પોલીસ અધિકારી-કર્મચારીઓ પણ કોરોનાના કહેરથી પ્રભાવિત છે. કોરોના મહામારીને ધ્યાનમાં રાખીને ગાંધીનગર જિલ્લાના વડોદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ટીમે કરાઈ પોલીસ એકેડમીમાં પોલીસ કર્મચારીઓના રેપીડ ટેસ્ટ માટે ઝુંબેશ હાથ ધરી હતી.

કોરોનાના રેપીટ ટેસ્ટ દરમિયાન કરાઈ એકેડમીના ૫૨ જેટલા તાલિમાર્થીઓના રેપીડ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. આ પૈકી ૩૦ તાલિમાર્થીઓને કોરોના પોઝીટીવ હોવાનું સ્પષ્ટ થયું હતું. આ તાલિમાર્થીઓ એ સિમપ્ટોમેટીક અને સામાન્ય લક્ષણ ધરાવતા હોવાનું પણ ધ્યાને આવ્યું છે. સંક્રમિત આ તાલિમાર્થીઓ માટે પોલીસ એકેડમી સ્થિત હોસ્ટેલમાં અલાયદી વ્યવસ્થા કરવામાં આવી છે. તબિબિ અધિકારીની સારવાર હેઠળ આ તમામ ને આઈસોલેટ કરવામાં આવ્યા છે. આરોગ્ય તંત્ર દ્વારા કોરોનાના કેસ મળી આવતા આ ઠેકાણે કોન્ટેકટટ્રેસીંગ અને કોરેન્ટાઈન પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી છે.

રાજ્યમાં કોરોનાનો કહેર યથાવત છે. તો હવે સમાચાર આવી રહ્યા છે કે ગાંધીનગરની કરાઈ એકેડમીમાં કોરોનાનો કહેર મચ્યો છે. અહીં એક જ દિવસમાં કોરોનાના ૩૦ પોઝિટિવ કેસો સામે આવ્યા છે. કરાઈ એકેડેમીમાં એલઆરડી અને પીઆઈની ટ્રેનિંગ ચાલી રહી છે. ત્યારે કરાઈ પોલીસ એકેડેમીમાં કોરોનાએ હાહાકાર મચાવ્યો છે.



એક જ દિવસમાં ૩૦ કોરોના પોઝિટિવ કેસ આવતા જ તંત્ર દોડતું થઈ ગયું છે. અહીં કોરોના ટેસ્ટિંગ માટે જે ૫૨ સેમ્પલ લેવામાં આવ્યા હતા તેમાંથી અડધાથી પણ વધારે લોકો કોરોના પોઝિટિવ આવ્યા છે. કરાઈ એકેડેમીમાં એલઆરડી અને પીઆઈની ટ્રેનિંગ ચાલી રહી છે. ઉલ્લેખનીય છે કે ગુજરાત હાઈકોર્ટમાં એક જ દિવસમાં ૧૭ કર્મચારીઓને કોરોના રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે અને છેલ્લા બે દિવસમાં ૨૧ લોકોને કોરોનાનો ચેપ લાગ્યો છે.

AMC દ્વારા ગુજરાત હાઈકોર્ટને સેનેટાઈઝ કરવાની કામગીરી કરવામાં આવશે, જેના કારણે ૧૨થી ૧૫ સપ્ટેમ્બર સુધી ઉૅઝ બંધ રહેશે. તો બુધવારના રાજયમાં ફરી ૧૩૦૦થી વધુ પોઝિટિવ કેસ નોંધાયા હતા. રાજ્યમાં છેલ્લા ઘણા દિવસોથી સરેરાશ ૧૨૦૦થી વધારે કોરોનાના પોઝિટિવ કેસો સામે આવી રહ્યા છે. જોકે સારા સમાચાર એ છે કે રાજયમાં સાજા થવાનો દર ૮૨.૦૧ ટકા છે. ત્યાં જ આજે રાજયમાં ૭૫,૯૩૬ ટેસ્ટ કરવામાં આવ્યા હતા.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં વિવિધ સ્થાનોએ આવેલા એસ.બી.આઈ.ના એ.ટી.એમ. સેન્ટરો બંધ હોવાથી નગરજનો અને ખાસ કરીને એસ.બી.આઈ.ના ખાતેદારોને ભારે તકલીફનો સામનો કરવો પડ્યો હતો.
- ગાંધીનગર શહેરમાં આજે ઉકળાટ અને આકરી ગરમીને લીધે લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા.
- ગાંધીનગર શહેરમાં શાકભાજીના પાકો આસમાને પહોંચ્યા હોવાથી ગૃહીણીઓના બજેટ ખોરવાયા છે.
- ગુજરાત પબ્લીક સર્વિસ કમિશન દ્વારા લેવાયેલ નાયબ સેક્શન અધિકારી સંવર્ગની પરીક્ષાનું પરિણામ આજે જાહેર થયુ છે. ૨૪૬૧ ઉમેદવારો ફાયનલ પરીક્ષા માટે ક્વોલીફાય થયા છે. હવે જાન્યુઆરીમાં ફાયનલ પરીક્ષા યોજાશે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે સાડા પાંચ વાગે વીજળી વેરણ થઈ જતાં કર્મચારીઓને વહેલા ઘરે જવાની તક મળી હતી.

## દહેગામમાંથી આઈફોન-૧૧ લઈને ભાગી જનાર શખ્સ ઝડપાયો

ઓએલએકસ એપમાં આઈફોન-૧૧ પ્રો મેકસની વેચાણની જાહેરાત મુકવામાં આવી હતી. માલિકને શખ્સે ફોન કરી મોબાઈલ ખરીદી માટે ઈચ્છા દર્શાવી પસંદ પડે તો ભાવતાલ પણ નક્કી કરી દીધા હતા. ફરીયાદીના ઘરે જઈ શખ્સે મોબાઈલ બહાર જઈ બતાવીને પરત આવુ છુ તેમ કહીને પલાયન થઈ ગયો હતો. મોબાઈલ લઈ છુમંતર થઈ જનાર શખ્સને નિકોલથી ઝડપી પાડીને ૧.૧૦ લાખનો મોબાઈલ પણ રીકવર કરી દહેગામ પોલીસ મથકનો છેતરપિંડીનો ગુનો એલસીબી પોલીસે ઉકેલી દીધો છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



ડેડી, મારી નોકરી છુટી ગઈ છે બીજી મળે તેમ નથી માટે મેં ઓનલાઈન બિઝનેસ ચાલુ કર્યો છે માટે મારું ટીફીન અહીં રૂમમાં મૂકી જજો...

# સાત પગલાં ખેડૂત કલ્યાણ યોજનાનું ઈ-લોન્ચિંગ કરાયું

## યોજનાનો શુભારંભ કરાવતાં સ્પષ્ટ નિર્ધાર વ્યકત કર્યો કે આ સાત પગલાંના પાયાથી વિકાસની હરણફાળ ભરવી : રૂપાણી

ગાંધીનગર,તા.૧૦

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ખેડૂતો અને કૃષિ ક્ષેત્રના વિકાસ માટેની પ્રતિબદ્ધતા સાથે 'સાત પગલાં ખેડૂત કલ્યાણલ્લના યોજનાનો ઈ શુભારંભ કરાવતાં સ્પષ્ટ નિર્ધાર વ્યકત કર્યો કે આ સાત પગલાંના પાયાથી સર્વગ્રાહી વિકાસની હરણફાળ ભરવી છે. આ સંદર્ભમાં તેમણે ઉમેર્યુ કે, રાજ્યના સંતુલિત વિકાસ માટે એગ્રીકલ્ચર, ઈન્ડસ્ટ્રી, સર્વિસ સેકટર સહિતના ગ્રોથમાં નવા સંશાધનો અને આધુનિક ખેતી પદ્ધતિ સાથે ગુજરાત વિકાસનું આગવું રોલ મોડેલ બન્યું છે. મુખ્યમંત્રીએ રાજ્ય સરકારના કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઉપક્રમે રાજ્યભરના ૩૩ જિલ્લાના ૮૦ સ્થાનોએ આયોજિત 'સાત પગલાં ખેડૂત કલ્યાણના યોજનાનું ઈ-લોન્ચીંગ ગાંધીનગરથી કર્યુ હતું. આ યોજના અંતર્ગત કૃષિ-ખેતીવાડી અને ધરતીપુત્રોના આર્થિક ઉત્થાન સાથે નવિન પાક ઉત્પાદન, પાક સંગ્રહ, નાના-સિમાંત ખેડૂતોને અદ્યતન ઓજારો વિતરણ, ગાય આધારિત ખેતી, કિસાન પરિવહન યોજના અને મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રકચર યોજના એમ કિસાન હિતલક્ષી સાત પગલાંઓ આવરી લેવાયા છે. મુખ્યમંત્રીએ આ પગલાંઓ પૈકીના મહત્વપૂર્ણ બે કદમ ''મુખ્યમંત્રી પાક સંગ્રહ



સ્ટ્રકચર (ગોડાઉન) યોજનાલ્લ તેમજ ''કિસાન પરિવહન યોજનાલ્લનો આજે પ્રારંભ કરાવ્યો હતો. સમગ્ર રાજ્યમાં આ અન્વયે મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રકચર યોજનામાં ખેડૂતને આવા ગોડાઉન સ્ટ્રકચર માટે ત્રીસ હજાર રૂપિયાની મહત્તમ સહાય સરકાર આપે છે. કિસાન પરિવહન યોજનામાં ખેડૂત પોતાના ઉત્પાદનો અન્ય બજારોમાં સરળતાએ પહોચાડી વધુ આવક રળી શકે તેવી નેમ રાખવામાં આવી છે. ખેડૂતને આ યોજનામાં વધુમાં વધુ રૂ. ૭૫ હજારની સહાય સરકાર નાના વાહન ખરીદવા આપે છે.

રાજ્યમાં ૧ લાખ ૧૬ હજાર કિસાનોને મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રકચર યોજનાનો તેમજ ૮૪૦૦ ખેડુતોને કિસાન પરિવહન યોજનાનો લાભ આપીને એક જ દિવસમાં રાજ્ય સરકારે ૧ લાખ ૨૫ હજાર ધરતીપુત્રોને રૂ. ૪૦૦ કરોડની સહાય ચૂકવી છે. આ સહાય ના પરિણામે આગામી ત્રણ મહિનામાં રાજ્યના ખેડૂતોના પોતાના ખેતર ના ગોડાઉનમાં ૨ લાખ ૩૨ હજાર ટન અનાજની સંગ્રહ શક્તિ વધશે તેમજ પાક બગાડ અટકશે.એટલું જ નહિ કિસાન પરિવહન યોજના દ્વારા લાભાર્થી ખેડૂત પોતાના ઉત્પાદનો પણ નાના વાહનો મારફતે બજારમાં સરળતા એ વેચીને આર્થિક સમૃદ્ધિ તરફ વળી શકશે.



## જીવનઆસ્થા હેલ્પ લાઈનને પાંચ વર્ષ પૂર્ણ વર્કશોપ યોજાયો

તા.૧૦ સપ્ટેમ્બરને વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ તરીકે ઉજવાય છે. ત્યારે તા.૧૦.૯.૧૫ ના રોજ જીવન આસ્થા હેલ્પ લાઈનની સ્થાપના કરવામાં આવી હતી. જીવન આસ્થા હેલ્પ લાઈનને પાંચ વર્ષ પૂર્ણ થયા છે અને છઠ્ઠા વર્ષમાં પ્રવેશ કરે છે. ત્યારે ગાંધીનગર જિલ્લા પોલીસ વડાની કચેરી ખાતે ખાસ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અભય ચુડાસમા (આઈજીપી, ગાંધીનગર રેન્જ), મયુર ચાવડા (ગાંધીનગર જિલ્લા પોલીસ વડા),તેમજ ડો.દિલિપ માવલંકર ડાયરેકટર ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ મેન્ટલ હેલ્થ, જાણીતા મનોવૈજ્ઞાનિક પ્રશાંત ભિમાણી, ડો.અજય ચૌહાણ, સહિત આત્મહત્યા નિવારણ માટે કામ કરતી ગાંધીનગર-અમદાવાદની સંસ્થાઓ, વિવિધ કોલેજના મનોવૈજ્ઞાનિકના પ્રાધ્યાપકો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જયારે જીવન આસ્થા હેલ્પ લાઈનને છેલ્લા પાંચ વર્ષમાં કુલ-૭૦,૮૧૬ કોલ આવ્યા છે. જયારે અત્યાર સુધીમાં સૌથી વધુ આત્મહત્યાના કોલ વર્ષ ૨૦૨૦ માં ૨૧૫ આવ્યા છે. જયારે ૧૦૦ થી વધુ વ્યકિત જેઓએ આત્મહત્યા માટે મન બનાવ્યું હોય તેમજ કોશીશ કરી હોય તેવી વ્યકિતઓનું જીવન આસ્થા દ્વારા સફળતાપૂર્વક કાઉન્સેલીંગ કરવામાં આવ્યું છે. જીવન આસ્થા હેલ્પ લાઈન દ્વારા અત્યંત જરુરી કિસ્સામાં ફેઈસ ટુ ફેઈસ કાઉન્સેલીંગ પણ કરવામાં આવે છે.

# શહેરી વિસ્તારોમાં અતિ ભારે વરસાદથી ધોવાયેલ માર્ગો માટે ૧૬૦ કરોડની ફાળવણી

ગાંધીનગર, તા. ૧૦

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજયની ૧૫૫ નગરપાલિકાઓમાં શહેરી જનસુખાકારી-સુવિધાનો મહત્વપૂર્ણ નિર્ણય કરતાં આ નગરપાલિકાઓમાં રસ્તા-માર્ગોના રિપેરીંગ-રિસરફેસીંગ માટે રૂ. ૧૬૦ કરોડ મુખ્યમંત્રી શહેરી સડક યોજના અન્વયે ફાળવ્યા છે.

રાજયમાં ચાલુ વર્ષે ચોમાસામાં અતિ ભારે વરસાદને કારણે શહેરો-નગરોમાં ભારે નૂકશાન થયેલા રસ્તાઓના મરામત કામો ત્વરાએ હાથ ધરવામાં આ સહાય પૂરક બનશે.

મુખયમંત્રીએ નગરો-શહેરોના માર્ગોમાં વરસાદને પરિણામે પડેલા ખાડા તેમજ માર્ગ ધોવાણ જેવી સ્થિતીમાંથી રીસરફેસીંગ અને રિપેરીંગ કામો સત્વરે શરૂ કરીને માર્ગોની સ્થિતી પૂર્વવત કરવાના ઉદ્દેશયથી ૧૫૫ નગરપાલિકાઓ માટે મુખ્યમંત્રી શહેરી સડક યોજનામાંથી આ રકમ ફાળવી છે.

તદ્દઅનુસાર અમદાવાદ ઝોનની ૨૫ નગરપાલિકાઓ માટે કુલ રૂ. ૨૨.૬૧ કરોડ, વડોદરા પ્રદેશની ૨૬ નગરપાલિકાઓને રૂ. ૨૯.૯૫ કરોડ, સુરત રિઝયનની ૧૯ નગરપાલિકા માટે રૂ. ૧૩.૯૧ કરોડ, ભાવનગરની ૨૭ નગરપાલિકાઓને રૂ. ૨૪.૬૦ કરોડ, રાજકોટ પ્રદેશની ૨૯ નગરપાલિકાઓને રૂ. ૪૬.૯૦ કરોડ તેમજ ગાંધીનગર પ્રદેશની ૨૯ નગરપાલિકાઓ માટે રૂ. ૧૨.૯૩ કરોડ મળી સમગ્રતયા રૂ. ૧૬૦ કરોડ 'મુખ્યમંત્રી શહેરી સડક યોજના અન્વયે ફાળવવામાં આવ્યા છે.

અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે વરસાદને કારણે રસ્તાઓની સુવિધાઓમાં વધારો કરવા થર્મોપ્લાસ્ટિક રોડ પેઈન્ટ, કર્બ પેઈન્ટ, સ્ટ્રીટ લાઈટ બોર્ડ સહિતના રોડ સેફટીના કામો માટે રાજયમાં અ-વર્ગની નગરપાલિકાઓને રૂ. ૭૫ લાખ, બ-વર્ગને રૂ. ૬૦ લાખ, ક-વર્ગને રૂ. ૪૫ લાખ તેમજ ડ-વર્ગને રૂ. ૩૦ લાખની ન્યૂનત્તમ ફાળવણી રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે.

## ''કૃષિક્ષેત્રે નવીન ક્રાંતિનો ઉદય થયો છે'' : ભૂપેન્દ્રસિંહ

ગાંધીનગર, તા. ૧૦

તાજેતરમાં ખેડૂતોને કુદરતી આપદા સમયે રાજય સરકાર દ્વારા આત્મનિર્ભર પેકેજ અંતર્ગત મુખ્યમંત્રી કિસાન સહાય યોજના જાહેર થઈ છે. જેમાં સાત પગલાં ખેડૂત કલ્યાણ અંતર્ગત ખેડૂતો અને ખેત મજૂરો માટે મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના અને કિસાન પરિવહન યોજના હેઠળ મીડિયમ સાઈજ ગુડ્સ કેરેજ વ્હીકલ ખરીદવા માટે સહાય આપવાની નવી યોજના હેઠળ ખેડુત લાભાર્થીઓને મંજુરીના હુકમનું વિતરણ કરવામાં આવ્યું હતુ.

ધોળકા ધંધુકા અને ધોલેરા તાલુકાના ૧૦૦ જેટલાં ખેડૂતો માટે આજે સાત પગલાં અંતગર્ત પ્રાંભ થયેલ કિસાન પરિવહન યોજના અને મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજનાના લાભાર્થીઓને મંજુરીના હુકમોનુ વિતરણ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે કરવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે સાત પગલાં ખેડૂત કલ્યાણનો શુભારંભ વિડિયો કોન્ફરન્સના માધ્યમથી મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગાંધીનગરથી કરાવ્યો હતો.

### ગાંધીનગરના ડો ઉત્સવ ગઢીયાએ પેસેન્જર કાર માટે


# ઈલેક્ટ્રોનિકલી એડજસ્ટેબલ સસ્પેન્શન સિસ્ટમ વિકસાવી

## બાપુ કોલેજમાં આશિષ્ટન પ્રોફેસર ઉત્સવ ગઢીયાએ પી એચ ડી કરી નવુ સંશોધન કર્યુ : માર્ગ તેમજ પેસેન્જરની સંખ્યા મુજબ સસ્પેન્શનનો કંટ્રોલ પણ ડ્રાઈવર પાસે રહેશે

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગર સ્થિત બાપુ ઈન્સ્ટીટ્યુટમાં આશિષ્ટન્ટ પ્રોફેસર ઉત્સવ ગઢીયાએ હેચબેક સિરીઝની કારમાં સસ્પેન્શન જરૂર કરતા વધુ દબાઈ જતુ હોવાનુ તારણ કાઢી મુસાફરોને અનુભવતા થડકા અને થાક સામે નવી શોધ કરી છે. તેમણે પી એચ ડી દરમિયાન પેસેન્જર કારમાં ઈલેક્ટ્રોનિકલી એડજસ્ટેબલ સસ્પેન્શન સિસ્ટમ વિકસાવી છે. આ નવા કન્સેપ્ટ મુજબ તેની સ્ટીફનેસ ઈલેક્ટ્રીકલી એડજેસ્ટ કરી બદલી શકાશે જયારે તેનો કંટ્રોલ પણ ડ્રાઈવરના હાથમાં રહેશે.

બાપુ ઈન્સ્ટીટ્યુટમાં મિકેનિકલ એન્જિયરીંગ વિભાગમાં આશિષ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડો ઉત્સવ ગઢીયાએ તેમના પી એચ ડી દરમિયાન તે શોધી કાઢયુ કે ભારતીય બજારમાં મળતી મોટાભાગની હેચબેક સિરીઝની કારમાં વપરાતા પરંપરાગત



સસ્પેન્શનના લીધે જો ચાર અથવા તેનાથી વધુ પેસેન્જર બેઠેલા હોય તો તે સસ્પેન્શન જરૂર કરતા વધારે દબાઈ જાય છે જેથી મુસાફરી દરમિયાન રસ્તા પરના ખાડા અથવા બમ્પને લીધે કારમાં બેઠેલા પેસેન્જરને વધારે થડકો આવવાની શકયતા રહે છે. જેના પરિણામ સ્વરૂપે ગાડીમાં બેઠેલા પેસેન્જર કમ્ફર્ટ અનુભવતા નથી. લાંબી સફરના અંતે વધારે થાક અનુભવાય છે. વધુમાં સસ્પેન્શનના વધારે પડતા કમ્પ્રેશન દબાણના લીધે વાહનની ડાયનામીક સ્ટેબિલીટીમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળે છે. આ પ્રશ્નના નિરાકરણ રૂપે ડો ઉત્સવ ગઢીયાએ એમના પી એચ ડી દરમિયાન નવા પ્રકારના કોન્સેપ્ચ્યુલ સસ્પેન્શનને ડેવલપ કર્યુ છે. તેમના મતે નવા કન્સેપ્ટના સસ્પેન્શનમાં તેની સ્ટિફનેસને ઈલેક્ટ્રોનિકલી એડજસ્ટ કરી બદલી શકાય છે. જેના તમામ કન્ટ્રોલ ડ્રાઈવર પાસે હશે. ડ્રાઈવર માર્ગની દશા અને પેસેન્જરની સંખ્યા પ્રમાણે સસ્પેન્શનની સ્ટીફનેસ બદલી શકશે. આવા નવા કન્સેપ્ચ્યુલ સસ્પેન્શનથી હાલની સમસ્યાને સરેરાશ ૬૦ ટકા સુધી ઓછી કરવામાં આવી છે. આ સસ્પેન્સશનને ઈલેક્ટ્રોનિકલી એડજેસ્ટેબલ સિસ્ટમ નામ આપવામાં આવ્યુ છે. આ સમગ્ર કામ માટે પેટનની એપ્લીકેશન પણ કરવામાં આવી છે. આ સમગ્ર પી એચ ડી ના પ્રોજેકટ દરમિયાન પ્રો દિવ્યાંગ પંડયા અને પ્રો ડો વિરા દરજીએ તેમને માર્ગદર્શન પુરુ પાડયુ હતુ. ડો ઉત્સવ ગઢીયાએ આ અંગે આશા વ્યકત કરી હતી કે આવા નવા ઈનોવેટીવ કન્સેપ્ટ ઉપર વધુને વધુ લોકો રીસર્ચ કરે જેથી આવનારા સમયમાં ભારતને નવા ઓટોમોટીવ રીસર્ચ હબ તરીકે વિશ્વમાં ઓળખ મળે. ડો ગઢીયાએ વઢવાણ સી યુ શાહ યુનિવર્સિટીમાંથી મિકેનોકલ એન્જિયરીંગમાં પી એચ ડી કર્યુ છે.

# બુલેટ ટ્રેનમાં ફરી વિધ્ન - મેટ્રોરેલની જેમ આ પ્રોજેક્ટ પણ વિલંબિત, હવે કોરોના સંક્રમણ નડે છે

## મોદીની ઇચ્છા છે કે ૨૦૨૩માં બુલેટ ટ્રેન શરૂ થાય પરંતુ હજી રાહ જોવી પડશે, મહારાષ્ટ્રમાં માત્ર ૨૩ ટકા જમીન સંપાદન થઇ છે

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મહત્વના પ્રોજેક્ટ અમદાવાદ અને મુંબઈ વચ્ચેના મેટ્રોરેલના કાર્યમાં વિધ્ન આવી રહ્યાં છે પરિણામે આ પ્રોજેક્ટ તેનો નિર્ધારિત લક્ષ્ય હાંસલ કરી શકે તેમ નથી તેવી દહેશત રેલવે બોર્ડે વ્યક્ત કરી છે. બોર્ડે કહ્યું છે કે હજી જમીન સંપાદનની પ્રક્રિયા બાકી છે અને કોવિડ સંક્રમણના કારણે કામમાં ઝડપ આવી શકતી નથી.

બુલેટ ટ્રેનનો પ્રોજેક્ટ ડિસેમ્બર ૨૦૨૩માં પૂર્ણ કરવાનો થતો હતો પરંતુ આ લક્ષ્યાંક સિદ્ધ થઈ શકે તેમ નથી. કોરોના સંક્રમણના કારણે આ પ્રોજેક્ટમાં વિલંબ થઈ રહ્યો છે. રેલવે બોર્ડના એક અધિકારીએ કહ્યું હતું કે અમારી પાસે ૯૦ ટકા જમીન સંપાદન થયું હોય તો અમે પ્રોજેક્ટને શરૂ કરી શકીએ તેમ છીએ પરંતુ હજી જમીન સંપાદન અધુરૂં છે. કોરોના મહામારીના કારણે જમીન સંપાદન પ્રક્રિયા ઘણી ધીમી ચાલી રહી છે.

રેલવે બોર્ડના અધ્યક્ષ અને ચીફ એક્ઝિક્યુટીવ વિનોદકુમાર યાદવે કહ્યું હતું કે જમીન સંપાદનની પ્રક્રિયા ધીમી હોવાથી હવે કામ શરૂ થવાની અને પૂર્ણ થવાની સમયમર્યાદા બદલાઈ શકે છે. તેમના કહેવા પ્રમાણે જમીન સંપાદન માટે વધુ છ મહિના થાય તેમ છે. જમીન સંપાદન પ્રક્રિયા પછી પ્રોજેક્ટનું મૂલ્યાંકન કરવામાં



આવશે અને નવી સમયમર્યાદા અપાશે.

બુલેટ ટ્રેન માટે ૧૩૯૬ હેક્ટર જમીનની જરૂરિયાત છે જેની સામે ૮૮૫ હેક્ટર જમીન સંપાદન કરવામાં આવી છે. આ તમામ જમીન ગુજરાતમાં સંપાદન થઈ છે, જ્યારે મહારાષ્ટ્રમાં માત્ર ૨૩ ટકા જમીન સંપાદન થઈ છે. મહારાષ્ટ્રની મોટાભાગની જમીન સંપાદન કરવાની બાકી છે. રેલવે બોર્ડે આશા રાખી છે કે આગામી છ મહિનામાં ૧૦૦ ટકા જમીન સંપાદન કરાશે.

દરમ્યાન ૨૧ કિલોમીટરના અંડરગ્રાઉન્ડ ફેઝ માટે ટેન્ડર મંગાવવામાં આવ્યા હતા જે પૈકી સાત કિલોમીટર અન્ડર-સી સ્ટ્રેચનો સમાવેશ થાય છે. કોરોના સંક્રમણના કારણે વિદેશથી જે ટેકનિકલ સ્ટાફ આવવાનો હતો તે આવી શક્યો નથી અને આંતરરાષ્ટ્રીય ફલાઈટ શરૂ થઈ નહીં હોવાથી તેની કામગીરીમાં પણ વિલંબ થાય તેવી સંભાવના છે. ટેકનિકલ સ્ટાફના અભાવે હજી સર્વેનું કામ થયું નથી.

અમદાવાદ-મુંબઈ વચ્ચેની બુલેટ ટ્રેન માટે જાપાનની ઈન્ટરનેશનલ કોઓપરેશન એજન્સીએ ૮૮૦૦૦ કરોડ રૂપિયાની લોન આપી છે. કેન્દ્ર સરકાર આ પ્રોજેક્ટ માટે ૧૫૦૦૦ કરોડનો ખર્ચ કરવાની છે. આ પ્રોજેક્ટનો કુલ ખર્ચ ૧.૦૮ લાખ કરોડ રૂપિયા અંદાજવામાં આવ્યો છે પરંતુ જો પ્રોજેક્ટમાં વિલંબ થાય તો ખર્ચના આંકડા વધી શકે છે.